www.researchguru.net
Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-16, Issue-1, June-2022

# ભારતમાં સુખાકારી પ્રવાસનની વિકાસલક્ષી તકો તેમજ પ્રવાસન ઉધોગ પર તેની આર્થિક અસરો અંગે અભ્યાસ

**Dr. Mustufa J.Mansuri**
Associate Professor of Economics Government Arts and Commerce College, Tharad -Banaskantha

***ટૂંકસાર :***

*તંદુરસ્ત જીવનશૈલી જાળવવા, તણાવ ઘટાડવા, રોગ અટકાવવાતેમજ*
*પોતાની સુખાકારી વધારવાના હેતુથી થતા પ્રવાસને સુખાકારી પ્રવાસન કહે છે.*

*જેમાં આયુર્વેદ, યોગ, નિસર્ગોપચાર, સ્પાથેરાપી, મસાજથેરાપી, તણાવઘટાડો, વજન વ્યવસ્થાપન એક્યુપ્રેશર, એનર્જી થેરાપી, હિલીંગ વગેરેનો સમાવેશ થાય છે. તે માટે ભારત ભૌગોલિક, પ્રાકૃતિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક આકર્ષણો સાથેનું એક સુંદર સ્થળ છે. અનાદિકાળથી ભારત ભૂમિના સંતો અને ઋષિ-મુનિઓ વ્યક્તિની સુખાકારી અને સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરતી વર્ષો જૂની પ્રથાઓ તેમજ પૌરાણિક ઉપચારોના જ્ઞાનના ઉપયોગ થકી લોકોની સારવાર કરે છે. તેના પરિણામે ભારતમાં સુખાકારી પ્રવાસન ઝડપથી વિકસીને વધી રહ્યું છે.*

*વર્ષ 2015માં સમગ્ર એશિયામાં સુખાકારી માટે શ્રેષ્ઠ હોટલ સાથે ટોચના 15 સ્થળોની યાદીમાં ભારતને સ્થાન આપવામાં આવ્યું હતું અને ત્યારથી આ ઉદ્યોગમાં તેજી જોવા મળી છે. જે સમગ્ર સુખાકારી અર્થતંત્રના વિશ્વના બજારકદમાં 13.1% જેટલો અમૂલ્ય ફાળો નોંધાવી એશિયા ખંડમાં સમાવિષ્ટ દેશોમાં ચોથા નંબરનું સ્થાન ધરાવે છે. કારણકે ભારતના સુખાકારી કેન્દ્રો પ્રવાસીઓને નવજીવન અનુભવવા માટે શ્રેષ્ઠ હોવાનું કહેવાય છે. ભારત સુખાકારી અને આરોગ્યના ક્ષેત્રમાં ઇતિહાસ ધરાવે છે કારણકે તે વિશ્વની બે સૌથી જૂની સલામત અને સૌથી અસરકારક આરોગ્ય અને સુખાકારી પરંપરાઓ, આયુર્વેદ અને યોગનું ઘર છે. તેથી ભારત આવતા સુખાકારી પ્રવાસીઓની સંખ્યા તેમજ તેઓ ધ્વારા થતા ખર્ચમાં સતત વધારો નોંધાઇ રહ્યો છે.*

| વિગત | 2013 | 2015 | 2017 |
|---|---|---|---|
| ભારતમાં સુખાકારી હેતુ આધારીત નોંધાયેલ પ્રવાસી સંખ્યા (Number of Trips Millions) | 32.7 | 38.6 | 56 |
| ભારતમાં સુખાકારી હેતુઅર્થ પ્રવાસીઓએ કરેલ ખર્ચ (Expenditures of US$ Billions) | 9.16 | 11.78 | 16.29 |

*જેના થકી ભારતની કુલ જીડીપીમાં અંદાજે 6% અને રોજગારી ક્ષેત્રે 12% યોગદાન આપતો ભારતનો પ્રવાસન ઉધોગ વિવિધ પ્રકારના પ્રવાસન ઉત્પાદનોનો પ્રચાર -પ્રસાર કરી વધુને વધુ વિદેશી પ્રવાસીઓને આકર્ષવાના પ્રયત્નો કરે છે.કારણકે આવનાર પ્રવાસી જે ખર્ચ કરે છે. તેના કારણે દેશમાં રોજગારીની તકો તેમજ વિદેશી હૂંડિયામણની અઢળક કમાણી થતી હોવાથી ભારત સરકારના પ્રવાસન મંત્રાલયે સુખાકારી પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે વિવિધ યોજનાઓ તૈયાર કરી પ્રાયોગિક સુખાકારી ઉત્પાદનો વિકસાવવામાં નોંધપાત્ર રોકાણના પ્રયાસો કરી ભારતને ટૂંક સમયમાં એક ઉચ્ચ મૂલ્યવાન સુખાકારી પ્રવાસન માટેનું મુખ્ય સ્થળ બનવાની પૂરતી સંભાવનાઓનું સર્જન કરેલ છે.*

- *<u>ચાવીરૂપ શબ્દો</u> : પ્રવાસન, સુખાકારી પ્રવાસન,આયુર્વેદ, યોગ*

1) પ્રસ્તાવના :


અતિથિ દેવો ભવ (अतिथिदेवोभवः) એ ભારતીય આતિથ્યનો મુખ્ય સિદ્ધાંત છે, જે અતિથિને ભગવાનની સમાન આદર આપી આતિથ્યશીલતાનો અવિસ્મરણીય અનુભવ પૂરો પાડે છે. તે વિચારધારાથી આકર્ષાઇ વિશ્વભરમાંથી પ્રવાસીઓ ભારતના પ્રવાસે આવવા આતુર બને છે.ભારતના જમીન અને જળાશયોની વિશાળતા, ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતાઓ, સમૃદ્ધ ઐતિહાસિક અને પ્રાકૃતિક વારસો વિશ્વના સૌથી નોંધપાત્ર પ્રવાસન સ્થળોમાં અગ્રસ્થાને છે.

ભારત પાસે વૈદિક કાળથી થતી દવાઓનો સમૃદ્ધ ઈતિહાસ છે. આયુર્વેદ, યુનાની દવાઓ સૌથી જૂની પ્રણાલીઓમાંની એક છે. જેના મૂળ ઇ.સ.300 ની આસપાસ નોંધાયા છે. જે ભારતીય ચિકિત્સાનો સુવર્ણયુગ કહેવાય છે. તે સમયમાં લખાયેલ ચરકસંહિતા, સુશ્રુતસંહિતા, કૌમારભૂત્ય, કાશ્યપસંહિતા

વર્તમાન સમયમાં આધુનિક સારવાર અને શસ્ત્રક્રિયાઓની શોધો અને પદ્ધતિઓમાં આધારભૂત બની રહે છે.

યોગ અને ધ્યાનની સાથે નેચરોપથી, યુનાની, સિદ્ધ, અને હોમિયોપેથી જેવી દવાઓ થકી થતી સારવારનું મહત્વ વધતાં સ્વાસ્થ્ય લાભો વિશ્વભરમાં જાણીતા બન્યા છે. સ્વતંત્રતા પછી ભારતે આધુનિક ચિકિત્સા ક્ષેત્રે ઝડપથી પ્રગતિ કરી સર્વગ્રાહી સ્વાસ્થ્ય માટે એક અનોખી પધ્ધિત વિકસાવી છે, જે આધુનિક આરોગ્યસંભાળ, વૈકલ્પિક દવા અને સુખાકારીનો શ્રેષ્ઠ સમન્વય કરતી હોવાથી તેની અસંખ્ય શક્યતાઓ સાથે ભારતને મેડિકલ વેલ્યુ ટુરિઝમ (MVT) માટે અંતિમ સ્થળ તરીકે જગ વિખ્યાત બનાવે છે.

સુખાકારી અર્થતંત્રમાં સમાવિષ્ટ સુખાકારી પ્રવાસન ભારતીય પર્યટન ઉદ્યોગના વિકાસ માટે ચાલકબળ બનવાની સંભાવના ધરાવે છે. ધબકતી જતી અર્થવ્યવસ્થામાં જ્યાં લોકો ઝડપથી બદલાતા જીવનનો સામનો કરી રહ્યા છે, જ્યાં કામનું ભારણ, અનિયમિયત જીવનશૈલીને સુધારવા સુખાકારી હેતુ અર્થ કરવામાં આવતો પ્રવાસ મહત્વનો બની જાય છે કારણ કે તે વિવિધ આરોગ્યસંભાળ ઉપચારો દ્વારા પ્રદાન કરવામાં આવેલ બિનઝેરીકરણ અથવા આડઅસર વિનાની (Detoxification) પ્રવૃતિઓ દ્વારા શરીર, મન અને આત્માને પુનર્જીવિત કરી નવી ઉર્જા પ્રદાન કરે છે. આયુર્વેદ, યોગ, ધ્યાન, એક્યુપંક્ચર, નેચરોપથી, પંચકર્મ અને સર્વગ્રાહી સ્વાસ્થ્યની પ્રાચીન પ્રથાઓ સાથે ભારતને વૈશ્વિક સ્તરે આધુનિક સુખાકારી ચળવળના સાચા આધ્યાત્મિક ઘરો પૈકીના એક તરીકે માની રહ્યું છે. જેનો લાભ મેળવવા લાખોની સંખ્યામાં વિદેશી પ્રવાસીઓ તેમજ ભારતના અન્ય રાજ્યોના સ્થાનિક પ્રવાસીઓ સુખાકારી હેતુથી પ્રવાસ કરે છે. જેનો અભ્યાસ પ્રસ્તુત પેપરમાં કરવામાં આવ્યો છે.




2) **અભ્યાસના હેતુઓ** :

- સુખાકારી પ્રવાસનની સંકલ્પના તેમજ સુખાકારી પ્રવાસન અને તબીબી પ્રવાસન વચ્ચેનો તફાવત તપાસવો.
- વૈશ્વિક દ્રષ્ટીએ સુખાકારી અર્થતંત્રમાં સમાવિષ્ટ સુખાકારી પ્રવાસનના બજારનું કદ જાણવું.
- ભારતમાં સુખાકારી પ્રવાસનની વિકાસલલક્ષી તકો તેમજ વિશ્વની સરખામણીમાં બજારનું કદ જાણવું.
- સુખાકારી પ્રવાસનના વિકાસથી ભારતના પ્રવાસન ઉધોગ પર થયેલ અસરો તપાસવી.

3) સુખાકારી પ્રવાસનની સંકલ્પના :

⇒ Global Wellness Institutionના મતે પોતાની વ્યક્તિગત સુખાકારી જાળવવા અથવા વધારવાના પ્રયાસ માટે થતા પ્રવાસને સુખાકારી પ્રવાસન કહે છે.

⇒ પોતાના જીવનમાં રહેલી ઘણીબધી અસ્વસ્થતા દૂર કરવા, નકારાત્મક ગુણોનો સામનો કરવા, સર્વગ્રાહી સ્વાસ્થ્યને જાળવવા અને સુધારવાના હેતુથી થતા પ્રવાસને સુખાકારી પ્રવાસન તરીકે વ્યાખ્યાયિત કરે છે.

⇒ International Wellness Tourism એ સ્વાસ્થ્ય અને સુખાકારીના કારણોસર થતી મુસાફરીનો ઉલ્લેખ કરેલ છે.

- Global Wellness Tourism Economy , વ્યક્તિગત સુખાકારી જાળવવા અથવા વધારવાના પ્રયાસ સાથે સંકળાયેલી તમામ મુસાફરીને સુખાકારી પ્રવાસન તરીકે વ્યાખ્યાયિત કરે છે. તેમજ સુખાકારી પ્રવાસન હેઠળ પ્રવાસીઓ દ્વારા સુખાકારી સુધારવા અથવા જાળવવા પ્રવાસ દરમિયાન કરવામાં આવતા તમામ ખર્ચનો સમાવેશ કરેછે.

આ ઉપરાંત,Global Wellness Institution સુખાકારી પ્રવાસન બજારને બે પ્રકારના પ્રવાસીઓમાં વિભાજિત કરે છે.

⇒ પ્રાથમિક સુખાકારી પ્રવાસીઓ : જેઓ પ્રાથમિક રૂપે સુખાકારી માટે પ્રવાસ કરવા પ્રેરિત થાય છે. તેમનું લક્ષ્યિત સ્થળ સુખાકારીની તકો પર આધારિત છે. ઉદા.તરીકે યોગ, મસાજ, પંચકર્મ વગેરે.

⇒ ગૌણ સુખાકારી પ્રવાસીઓ : જેઓ મુસાફરી દરમિયાન સુખાકારી જાળવવા સુખાકારી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માંગે છે. ઉદા.તરીકે મુસાફરી દરમ્યાન જિમની મુલાકાત લઇ નિત્યક્રમ મુજબની કસરત કરવી.

ટૂંકમાં સુખાકારી પ્રવાસનને તબીબી પ્રવાસન સાથે ભેળસેળ કરવું યોગ્ય નથી. કારણકે સુખાકારી પ્રવાસીઓ તેમના આરોગ્ય અને જીવનની ગુણવત્તા સુધારવા અથવા જાળવવા માટે મુસાફરી કરે છે, જ્યારે તબીબી પ્રવાસીઓ બિમારીનું નિદાન કરાવ્યા પછી સારવાર મેળવવાના હેતુથી મુસાફરી કરે છે.

### 3.1) સુખાકારી પ્રવાસન અને તબીબી પ્રવાસન વચ્ચેનો તફાવત :

| અ.નં | સુખાકારી પ્રવાસન - Wellness Tourism | તબીબી પ્રવાસન - Medical Tourism |
|---|---|---|
| 1 | તંદુરસ્ત જીવનશૈલી જાળવવા, તણાવ ઘટાડવા, રોગ અટકાવવા તેમજ પોતાની સુખાકારી વધારવાના હેતુથી થતા પ્રવાસને સુખાકારી પ્રવાસન કહે છે. જેમાં, આયુર્વેદ,યોગ,નિસર્ગોપચાર,સ્પાથેરાપી,મસાજથેરાપી,તણાવઘટાડો,વજન વ્યવસ્થાપન એક્યુપ્રેશર, એનર્જી થેરાપી, હિલીંગ વગેરેનો સમાવેશ થાય છે. | નબળી તબિયત, ઈજા અને માંદગીની સારવારના હેતુથી થતા પ્રવાસને તબીબી પ્રવાસ કહે છે. જેમાં,શસ્ત્રક્રિયા,દાંતની સારવારતેમજ સમયાંતરે ફેરતપાસનો સમાવેશ થાય છે. |
| 2 | સુખાકારી પ્રવાસન Wellness Tourism તરીકે ઓળખાય છે. | તબીબી પ્રવાસન Medical Tourism તરીકે ઓળખાય છે. |
| 3 | સુખાકારીની સુવિધા આપતા કેન્દ્રોની માન્યતા National Accreditation Board of Hospitals and Health Care (NABH)અને AYUSH – Ayurveda Yoga & Naturopathy, Unani, Siddha and Homeopathy આયુષ ધ્વારા આપવામાં આવે છે. | તબીબી સારવાર આપતી હોસ્પીટલોની માન્યતા પણ National Accreditation Board of Hospitals and Health Care (NABH)અને AYUSH – Ayurveda Yoga & Naturopathy, Unani, Siddha and Homeopathy આયુષ ધ્વારા આપવામાં આવે છે. |

### 4) વૈશ્વિક દ્રષ્ટીએ સુખાકારી અર્થતંત્રનું બજાર કદ :

સુખાકારી અર્થતંત્રમાં સમાવિષ્ટ તમામ પ્રવૃતિઓમાં મુખ્ય પ્રવૃતિ તરીકે સુખાકારી પ્રવાસન


અગ્રસ્થાને છે. કારણકે સુખાકારી અર્થતંત્ર સબંધિત પ્રવૃતિઓનું કુલ બજાર કદ Global Wellness Institute – 2018 ના રીપોર્ટ મુજબ 4,543.7USD Billion – 2017માં નોંધાયેલ છે. જે પૈકી સુખાકારી પ્રવાસનનું કદ 639.40USD Billion નોંધાયું છે. જે સમગ્ર સુખાકારી અર્થતંત્રમાં 14.1 % ફાળો આપેછે. (2017 મુજબ) જે કદ2019 માં 4.9 USD Trillion થયું હતું તે પછી 2020 માં કોરોના મહામારીની વ્યાપક અસરોને કારણે ઘટીને 4.4 USD Trillion થયું છે. પણ

જેમ જેમ કોરોના મહામારીની અસર ઓછી થતાં 2025 સુધીમાં સુખાકારી અર્થતંત્રનું બજાર કદ અંદાજે 7.0 USD Trillion થવાની આગાહી કરવામાં આવેલ છે. જે આવનારા સમયમાં સમગ્ર વિશ્વના દેશો માટે સુખાકારી પ્રવાસનની વિકાસલક્ષી તકોની સંભાવના પૂરી પાડશે.

❖ વિશ્વકક્ષાએ સુખાકારી અર્થતંત્રનું બજાર કદ:2017 મુજબ


| સુખાકારી અર્થતંત્રમાં સમાવિષ્ટ પ્રવૃતિઓ | બજાર કદ (USD Billion) | સુખાકારી અર્થતંત્રના બજારકદમાં ટકાવારી |
|---|---|---|
| **Wellness Tourism** | **639.40** | **14.1** |
| Work Place Wellness | 47.5 | 1.0 |
| Wellness Real Estate | 134.3 | 3.0 |
| Personal Care, Beauty & Anti – Aging | 1,082.9 | 23.8 |
| Fitness Body & Mind | 828.0 | 18.2 |
| Thermal / Mineral Springs | 56.2 | 1.2 |
| Spa Economy | 118.8 | 2.6 |
| Healthy Eating , Nutrition & Weigh Loss | 702.1 | 15.5 |
| Preventive & Personalized Medicine and Public Health | 574.8 | 12.7 |
| Traditional Complementary Medicine | 359.7 | 7.9 |
| Total : | 4,543.7 | 100 |

❖ Source : Global Wellness Institute – 2018





4.1) વિશ્વકક્ષાએ સુખાકારી હેતુ આધારીત નોંધાયેલ પ્રવાસી સંખ્યા - (Number of Trips Millions)

વિશ્વના પ્રવાસીઓની વિવિધ હેતુઓ અર્થ એક દેશથી બીજા દેશમાં પ્રવાસ કરવાની પ્રવૃતિ નિરંતર ચાલતી હોય છે. જેમાં માત્ર સુખાકારી હેતુ આધારીત થયેલ પ્રવાસીઓની સંખ્યામાં સતત વધારો નોંધાયો છે. જે દર્શાવેલ ચાર્ટમાં સમાયેલ આંકડાકીય વિગતોમાં જોઇ શકાય છે.




4.2) વિશ્વકક્ષાએ સુખાકારી હેતુઅર્થ પ્રવાસીઓએ કરેલ ખર્ચ - (Expenditures of US$ Billions)

કોઇ પણ વ્યકિત જ્યારે પ્રવાસી બની એક દેશથી બીજા દેશનો પ્રવાસ શરૂ કરે છે ત્યારથી પોતાના ઘેર પરત ફરે છે તે સમયગાળા દરમિયાન જે ખર્ચ કરે છે તે ખર્ચમાં પણ ક્રમશ; વધારો નોંધાયો છે. જેની આંકડાકીય માહિતી દર્શાવેલ ચાર્ટમાં જોઇ શકાય છે.




Source : Global Wellness Institute – 2018

5) **ભારતમાં સુખાકારી પ્રવાસનની વિકાસલલક્ષી તકો તેમજ વિશ્વની સરખામણીમાં બજારનું કદ :**


ભારત ભૌગોલિક, પ્રાકૃતિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક આકર્ષણો સાથેનું એક સુંદર સ્થળ છે. અનાદિકાળથી ભારત ભૂમિના સંતો અને ઋષિ-મુનિઓ વ્યક્તિની સુખાકારી અને સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરતી વર્ષો જૂની પ્રથાઓ તેમજ પૌરાણિક ઉપચારોના જ્ઞાનના ઉપયોગ થકી લોકોની સારવાર કરે છે. તેના પરિણામે ભારતમાં સુખાકારી પ્રવાસન ઝડપથી વિકસીને વધી રહ્યું છે. કારણકે લોકોને તણાવમુક્ત અસ્તિત્વ તરફ દોરી જનારા પ્રાચીન જ્ઞાનને વહેંચવામાં સંતો અને ઋષિ-મુનિઓએ ક્યારેય સંકોચ કર્યા નથી. તેઓની સુખાકારી પ્રણાલીઓમાં ઉચ્ચ સંભાવના છે કારણકે તે સદીઓથી પ્રાચીન સંસ્કૃતિના સંચિત શાણપણ દ્વારા વિકસાવવામાં આવી હતી. આજે, ભારત યોગ, આયુર્વેદ, પ્રાકૃતિક ચિકિત્સા, સિદ્ધા વગેરેના કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. તણાવ અને ચિંતાને પાછળ છોડીને એક પરિપૂર્ણ, સુખી અને સ્વસ્થ જીવન જીવવા માટેની કાર્યપધ્ધિત પૂરી પાડવામાં ભારત અગ્રેસર દેશોની હરોળમાં સ્થાન ધરાવે છે.

વર્ષ 2015માં સમગ્ર એશિયામાં સુખાકારી માટે શ્રેષ્ઠ હોટલ સાથે ટોચના 15 સ્થળોની યાદીમાં ભારતને સ્થાન આપવામાં આવ્યું હતું અને ત્યારથી આ ઉદ્યોગમાં તેજી જોવા મળી છે. જે સમગ્ર સુખાકારી અર્થતંત્રના વિશ્વના બજારકદમાં 13.1 % જેટલો અમૂલ્ય ફાળો નોંધાવી એશિયા ખંડમાં સમાવિષ્ટ દેશોમાં ચોથા નંબરનું સ્થાન ધરાવે છે.

વિશ્વની સરખામણીમાં ભારતમાં સુખાકારી અર્થતંત્રનું બજાર કદ – (2017)

| સુખાકારી અર્થતંત્રમાં સમાવિષ્ટ પ્રવૃતિઓ | બજાર કદ (USD Billion) | વિશ્વ કક્ષાના સુખાકારી અર્થતંત્રના બજારકદમાં ફાળો (ટકામાં) |
|---|---|---|
| **Wellness Tourism** | **16.3** | **13.1** |
| Work Place Wellness | 0.2 | 0.1 |
| Wellness Real Estate | 6.1 | 4.9 |
| Personal Care, Beauty & Anti – Aging | 24.8 | 20.0 |
| Fitness Body & Mind | 4.7 | 15.0 |
| Thermal / Mineral Springs | 1.9 | 1.0 |
| Spa Economy | 2.1 | 1.7 |
| Healthy Eating , Nutrition & Weigh Loss | 20.9 | 16.8 |
| Preventive & Personalized Medicine and Public Health | 1.0 | 0.8 |
| Traditional Complementary Medicine | 46.2 | 37.2 |
| Total : | 124.2 | 100 |

Source : Global Wellness Institute – 2018





ભારતના સુખાકારી કેન્દ્રો પ્રવાસીઓને નવજીવન અનુભવવા માટે શ્રેષ્ઠ હોવાનું કહેવાય છે.દેશ સુખાકારી અને આરોગ્યના ક્ષેત્રમાં ઇતિહાસ ધરાવે છે કારણકે તે વિશ્વની બે સૌથી જૂની સલામત અને સૌથી અસરકારક આરોગ્ય અને સુખાકારી પરંપરાઓ, આયુર્વેદ અને યોગનું ઘર છે. ભારતમાં એવા સંખ્યાબંધ સ્થળો છે જે સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે સુખાકારી પ્રવાસન માટે મહત્વપૂર્ણ છે. જેમાંના કેટલાક નીચે મુજબ છે.

| અ.નં | રાજ્ય | શહેર | સ્થળનું નામ |
|---|---|---|---|
| 1 | કર્ણાટક | બેંગલુરૂ | આયુર્વેદગ્રામ હેરિટેજ સુખાકારી કેન્દ્ર |
| | | બેંગલુરૂ | શ્રેયસ યોગ રીટ્રીટ, |
| | | મૈસુર | સિંધુવેલી આયુર્વેદિક કેન્દ્ર, |
| | | બેંગલુરૂ | સૌક્ય ઇન્ટરનેશનલ હોલિસ્ટિક સેન્ટર |
| 2 | મહારાષ્ટ્ર | પુણે | આત્મંતન |
| 3 | ગુજરાત | મહેસાણા | નિમ્બા નેચર ક્યોર |
| 4 | ગોવા | | બીચ હાઉસ |
| | | | દેવાયા |
| 5 | કેરળ | પાયલુર | કાલરી કોવિલાકોમ |
| | | | લીલા કોવલમ હોટલ |
| | | અષ્ટમુડી | સરોવરમ આયુર્વેદિક આરોગ્ય કેન્દ્ર |
| | | | સોમાથીરામ |
| 6 | હિમાચલ પ્રદેશ | શિમલા | . વાઇલ્ડફ્લાવર હોલ |
| | | પાલમપુર | કાયાકલ્પ |
| 7 | રાજસ્થાન | અજબગઢ | અમનબાગ |
| 8 | ઉત્તરાખંડ | ઋષિકેશ | હિમાલય આનંદ : |
| | | દેહરાદૂન | વાના |

5.1) ભારતમાં સુખાકારી હેતુ આધારીત નોંધાયેલ પ્રવાસી સંખ્યા - (Number of Trips Millions)

ભારત અનેક પ્રકારના પ્રવાસન ઉત્પાદનો થકી આજે સમગ્ર એશિયા ખંડમાં સમાવિષ્ટ દેશોમાં મહદ અંશે તબીબી પર્યટન અને સુખાકારી પ્રવાસન સબંધિત પ્રવૃતિઓમાં લોકપ્રિય સ્થાન ધરાવે છે. જેને કારણે ભારતનો પ્રવાસન ઉધોગ પ્રવાસીઓને આકર્ષવા જૂદી જૂદી સવલતો પ્રદાન કરે છે. ઉદા તરીકે ઇ ટુરીસ્ટ વિઝા, જેને કારણે ભારતમાં સુખાકારી પ્રવાસન માટે આવનારા પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે


.




Source : Global Wellness Institute – 2018

5.2) ભારતમાંસુખાકારી હેતુઅર્થ પ્રવાસીઓએ કરેલ ખર્ચ - (Expenditures of US$ Billions)

ભારતની કુલ જીડીપીમાં અંદાજે 6% અને રોજગારી ક્ષેત્રે 12% યોગદાન આપતો ભારતનો પ્રવાસન ઉધોગ વિવિધ પ્રકારના પ્રવાસન ઉત્પાદનોનો પ્રચાર -પ્રસાર કરી વધુને વધુ વિદેશી પ્રવાસીઓને આકર્ષવાના પ્રયત્નો કરે છે. કારણકે આવનાર પ્રવાસી જે ખર્ચ કરે છે. તેના કારણે દેશમાં રોજગારીની તકો તેમજ વિદેશી હૂંડિયામણની અઢળક કમાણી થતી હોય છે. જે સબંધિત સુખાકારી પ્રવાસન અર્થ પ્રવાસીઓએ કરેલ ખર્ચની વિગતો જોઇએ તો,




Source : Global Wellness Institute – 2018

જેના આધારે પ્રવાસન પંડિતો માને છે કે લોકો ભવિષ્યમાં સૌથી વધુ કાયાકલ્પ કરવા સુખાકારી હેતુ અર્થ પ્રવાસન સ્થળોની શોધ કરશે. જેમાં લોકો રોજબરોજના જીવનની તાણમાંથી બહાર આવવા માટે કાયાકલ્પ અને આરામના સ્થળોનો પ્રવાસ પસંદ કરશે ત્યારે ખાસ કરીને ભારત એક લોકપ્રિય સુખાકારી સ્થળ તરીકે વિકસી રહ્યું છે. કારણકે તે યોગનું જન્મસ્થળ છે તેમજ આર્યુવેદિક દવાઓનું ઉદ્ભવસ્થાન હોવાના નાતે સુખાકારી પ્રવાસન વિકાસની ભરપૂર સંભાવનાઓ ધરાવે છે.

ભારતના મોટાભાગના રાજ્યો સુખાકારી પ્રવાસન હેઠળ વિવિધ આરોગ્યસંભાળ ઉપચારો સાથે શરીર, મન અને આત્માને પુનર્જીવિત કરી પ્રવાસીઓને તંદુરસ્ત જીવનશૈલી જાળવવા, તણાવ ઘટાડવા, રોગ

અટકાવી સુખાકારી વધારવાની અનેક પ્રવૃતિઓ પ્રવાસીઓને પ્રદાન કરવા સજ્જ છે. જેમાં, તંદુરસ્ત આહાર, સ્પા સારવાર, કસરત અને આધ્યાત્મિક ઉપચાર, યોગ, બસ્તી, મસાજનો સમાવેશ થાય છે.

5.3) સુખાકારી પ્રવાસનની અસરો :

પર્યટન એ વિશ્વના સૌથી મોટા અને ઝડપથી વિકસતા ઉદ્યોગોમાંનું એક છે. જેમાં સુખાકારી પ્રવાસન વિશ્વના પર્યટન ઉદ્યોગના તમામ સ્વરૂપોને શક્તિ પૂરી પાડે છે. સુખાકારી પ્રવાસન વિકસિત તેમજ વિકાસશીલ રાષ્ટ્રોના ઉચ્ચસ્તરીય પ્રવાસીઓને આકર્ષી માત્ર વિકસિત દેશોની જ નહીં પરંતુ અલ્પવિકસિત પ્રદેશોની અર્થવ્યવસ્થાને ધબકતી રાખવામાં સહયોગ આપે છે. જે દેશો મોટાભાગે આરોગ્ય અને સુખાકારીની પરંપરાગત પદ્ધતિઓથી સમૃદ્ધ છે.

સુખાકારી શોધવાનો મુખ્ય સાર સ્વાસ્થ્યમાં સુધારો છે જે આપમેળે જીવનની ઉન્નત ગુણવત્તા તરફ દોરી જાય છે. સુખાકારી પ્રવાસ સબંધિત પ્રવૃતિઓનો ઉદ્દેશ્ય આરામ અને તણાવ દૂર કરવાની વિવિધ પદ્ધતિઓના ઉપયોગ દ્વારા વ્યક્તિને શારીરિક અને માનસિક રીતે તંદુરસ્ત જીવનશૈલી જાળવવા માટે પ્રોત્સાહિત કરવાનો રહ્યો છે. તેઓ આધ્યાત્મિક અને માનસિક સ્વાસ્થ્ય, સૌંદર્ય સારવાર અને સ્વસ્થ ઊંઘની તકનીકો પર ભાર મૂકી વ્યક્તિના સ્વાસ્થ્યને સુધારવા અને બહેતર બનાવવાની કાર્ય પધ્ધિતઓ પ્રદાન કરે છે. જેનો લાભ વર્તમાન સમયમાં અનેક પ્રવાસીઓ લેતા સમગ્ર પ્રવાસન ઉધોગ તેમજ જે તે દેશના અર્થતંત્ર ઉપર તેમજ પ્રવાસીઓમાં અનેક અસરો જન્માવે છે. જેમાં મહદઅંશે પ્રવાસીની દ્રષ્ટીએ નીચે મુજબની અસરો સર્જાય છે.

- વ્યક્તિગત અસર :

સુખાકારી પ્રવાસન પ્રવાસીઓમાં ભૌતિક અને આધ્યાત્મિક પરિવર્તન પ્રત્યેજાગૃતિ લાવી પ્રવાસીઓને કુદરતી અને ઐતિહાસિક સ્થળોની શોધ કરવાની તક પૂરી પાડે છે જ્યાં તેઓ આરામથી હળવાશની પળો ગાળી શકે છે. લોકો પોતાની સુખાકારીની જરૂરિયાતો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી સુખાકારીના લક્ષ્યો નક્કી કરી સુખાકારી સબંધિત સ્થળનો પ્રવાસ કરવા આતુર બને છે.





જ્યાં કોઈ વ્યસ્ત કંટાળાજનક કાર્યક્રમ હોતો નથી પરંતુ શારીરિક પ્રવૃત્તિઓ, તંદુરસ્ત ખોરાક, સુખ આપતા મસાજ -માલિસના ઉપચાર સાથે આરામ અને કાયાકલ્પની અકલ્પનીયક્ષણોનો આનંદ પ્રાપ્ત કરી રોજેરોજના તણાવભર્યા અનેક પ્રકારના વિક્ષેપોમાંથી રાહત મેળવી પોતાના શરીરમાં તદન નવા પ્રકારની ઉર્જાનો ઉમેરો કરી પ્રફુલ્લિત મને ઘરે પાછા ફરેછે.

- પર્યાવરણીય અસર :

સુખાકારી પ્રવાસન વિશ્વભરમાં જંગલો, દરિયાઈ જીવન અને કુદરતી ઝરણાંઓ સહિત કુદરતી સંસાધનોનું જતન કરી પ્રવાસીઓને આનંદ પૂરો પાડે છે. કારણકે સુખાકારી પ્રવાસન માટે પ્રવાસીઓ ફક્ત કુદરતી વાતાવરણથી ઘેરાયેલા સ્થળોની મુલાકાત લેવાનું પસંદ કરે છે. તેથી વૈકલ્પિક પ્રક્રિયાઓ અથવા સુખાકારી સારવારોમાંથી પસાર થતી વખતે પ્રકૃતિ, વન્યજીવન, દરિયાઈ ઉદ્યાનો અને નદીઓને કુદરતી સ્વરૂપમાં જાળવવા માટે જે તે સ્થાનિક સરકારો ખૂબ ભંડોળ પૂરૂં પાડે છે, કારણકે સંરક્ષિત વિસ્તારોનું જતન કરી વિદેશી તેમજ સ્થાનિક પ્રવાસીઓ પાસેથી મોટી આવક પેદા કરે છે, જેનો ઉપયોગ તે ચોક્કસ વિસ્તારના કુદરતી સંસાધનોને બચાવવા માટે કરે છે. જે સરેરાશ પર્યાવરણીય લાભોને ખેંચી લાવે છે.




તદુપરાંત, સુખાકારી પ્રવાસન રાષ્ટ્રીય તેમજ પ્રાદેશિક સરકારોને રાષ્ટ્રીય ઉદ્યાનો અને અન્ય કુદરતી સંસાધનો વિકસાવવા અને પર્યાવરણીય પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે પ્રોત્સાહિત કરે છે. જેને જાળવી રાખવા વિશ્વભરના પ્રવાસન વિભાગો અને ખાનગી ઉદ્યોગસાહસિકો પર્યાવરણીય કેન્દ્રોમાં ભારે રોકાણ કરી પર્યાવરણીય પ્રવાસન પર આધારિત વિવિધ અભિયાનોનું આયોજન કરી પરંપરાગત તેમજ વૈકલ્પિક સારવારથી સમૃદ્ધ વિસ્તારોની પ્રાકૃતિક સંપત્તિને સાચવવા અને વિસ્તૃત કરવા પ્રયત્નશીલ બને છે.

- આવક અને રોજગારીમાં વધારો :

Global Wellness Tourism Congress (GWTC) 2017ના અહેવાલ મુજબ, $1.3 ટ્રિલિયનની વાર્ષિક આવક ધરાવતો સુખાકારી પ્રવાસન ઉદ્યોગ કુલ વૈશ્વિક પ્રવાસન કમાણીનો 14 ટકા હિસ્સો ધરાવે છે, જે આગામી પાંચ વર્ષમાં 16 ટકા સુધી પહોંચવાની ધારણા છે. વિશ્વભરમાં 12 મિલિયનથી વધુ લોકોને પ્રત્યક્ષ રોજગાર પ્રદાન કરીને, સુખાકારી પર્યટન એક વ્યાપક ઉદ્યોગ બનવાના માર્ગ પર છે.

સુખાકારી પ્રવાસનના ઝડપી વિકાસ માટેનું એક મુખ્ય કારણ એ છે કે સુખાકારી પ્રવાસીઓ સામાન્ય રીતે નિયમિત પ્રવાસીઓ કરતાં 130 ટકા વધુ ખર્ચ કરે છે. સુખાકારીપ્રવાસન ઝડપી વિકાસ માટે માત્ર ખાનગી ક્ષેત્રને જ આકર્ષિત કરતું નથી પરંતુ વિશ્વભરમાં સરકારી સંસ્થાઓ તેમજ જાહેર ક્ષેત્રનું પણ ધ્યાન આકર્ષિત કરે છે.

સુખાકારી પ્રવાસનની સૌથી મોટી અસર એ છે કે તે વિદેશી હૂંડિયામણની સીધી કમાણી લાવી સરકારની આવકમાં મોટો ફાળો આપે છે. તેમજ સ્થાનિક રહેવાસીઓને રોજગાર અને વ્યવસાયની તકો પ્રદાન કરે છે. સુખાકારી પ્રવાસન યજમાન અર્થતંત્રો માટે વિદેશી હૂંડિયામણનો એક વિશાળ સ્રોત છે, કારણ કે વિદેશી સુખાકારી પ્રવાસીઓ ચોક્કસ સ્થળે તેમના રોકાણ દરમિયાન ઉપલબ્ધ ચીજવસ્તુઓ તથા સેવાઓની ચૂકવણી કરવા વિદેશી ચલણ લાવે છે.

વિશ્વભરમાં સુખાકારી પ્રવાસન જે તે પ્રદેશનો ઝડપી વિકાસ, વિદેશી હૂંડિયામણની કમાણી વધારવા ઉપરાંત સ્થાનિકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારીનું સર્જન કરવામાં પણ મદદ કરે છે. જ્યારે પ્રત્યક્ષ રોજગારમાં ટેક્સી/રીક્ષા સેવાઓ, હોટેલ્સ, રેસ્ટોરન્ટ્સ અને આતિથ્ય સત્કાર સાથે જોડાયેલી સેવાઓ થકી ઉભી થતી રોજગારીનો સમાવેશ થાય છે.જ્યારે પરોક્ષ રોજગારમાં સુખાકારી પ્રવાસન ઉદ્યોગ દ્વારા જરૂરી માલસામાનની અવરજવર અને અન્ય વિવિધ સેવાઓનો સમાવેશ થાય છે.

સુખાકારી પ્રવાસનના આર્થિક લાભોને જોતા, વિશ્વભરની સરકારો વિવિધ રાષ્ટ્રોમાંથી પોતાના રાષ્ટ્રમાંવધુને વધુ સુખાકારી પ્રવાસીઓને આકર્ષવા માટે સ્થાનિક માળખાકીય સુવિધાઓના વિકાસમાં રોકાણ કરી ઉચ્ચસ્તરના સુખાકારી પ્રવાસીઓને આકર્ષવા વધુ સારા રસ્તાઓ, જાહેર પરિવહન વ્યવસ્થા, પાણી અને ગટર વ્યવસ્થા વગેરેનું નિર્માણ કરી સુખાકારી પ્રવાસનને પ્રોત્સાહિત કરવામાં મશગૂલ છે.

- સંસ્કૃતિ અને પરંપરાની જાળવણી સાથે નવી સુવિધાઓનું નિર્માણ :

સુખાકારી પ્રવાસન વિશ્વભરની પરંપરાગત સંસ્કૃતિઓને જાળવવામાં પણ મદદ કરે છે. સુખાકારી પ્રવાસન પ્રવાસીઓને સ્થાનિક સંસ્કૃતિઓ અને જીવનશૈલી સાથે વાર્તાલાપ કરવાની તક આપી ઐતિહાસિક રિવાજો રહેણીકરણીથી પ્રવાસીઓને આકર્ષિત કરી પરંપરાગત મૂલ્યોમાં પ્રાદેશિક લોકોની જાગૃતિ અને રસ વધારવામાં સહાયરૂપ થાય છે. કારણકે જે તે પ્રદેશના પ્રવાસે આવનાર પ્રવાસીઓ

માત્ર આરોગ્ય પ્રવૃત્તિઓમાં જ ભાગ લેતા નથી, પરંતુ પ્રદેશની વિવિધ રમતો, શૈક્ષણિક, સાંસ્કૃતિક તેમજ જીવનશૈલીમાં ફેરફાર કરતી અન્ય પ્રવૃત્તિઓમાં પણ ભાગ લે છે.

- પ્રવાસીને અર્થપૂર્ણ પ્રવાસનો આનંદ આપે છે.

વ્યકિત જ્યારે પ્રવાસી બની અન્ય પ્રવાસન સ્થળની મુલાકાત લઇ પરત ફરે છે ત્યારે તેની પાસે આનંદ અને યાદગાર ક્ષણો સિવાય કશું હોતું નથી પણ સુખાકારી પ્રવાસનમાં સમાવિષ્ટ પ્રવૃતિઓ માટે સબંધિત સ્થળે પસાર કરેલા દિવસો તેમજ કરેલ ખર્ચ અર્થપૂર્ણ સાબિત થાય છે. કારણકે સુખાકારી પ્રવાસ પ્રવાસીને ઉર્જાવાન તંદુરસ્ત જીવન જીવવાના ઉપાયો, સ્વાસ્થ્યને માવજત કરવાની રીતો શીખવી તંદુરસ્ત જીવનશૈલી જીવવાનું ભાથું પૂરું પાડે છે. જે લાભ લેનાર પ્રવાસી માટે જીવનભર ઉપયોગી બની રહે છે.





**સારાંશ :**

વૈશ્વિક સ્તરે**સુખાકારી પ્રવાસનના બજારનું** કદવાર્ષિક 6.5 ટકા સાથે વધી રહ્યું છે, જે એકંદરે પર્યટન કરતાં બમણા કરતાં વધુ ઝડપથી એટલેકે 3.2 ટકાના દરે વધી રહયું છે. 2017માં તેનું મૂલ્ય US$639 બિલિયન બજાર કદ ધરાવતું હતું. આ રીતે વધુ ઝડપથી વિકસતા સુખાકારી પ્રવાસન માટે 2022 માટે Global Wellness Institution દ્વારા Global Wellness Tourism Economy રિપોર્ટની આગાહી મુજબ 7.5 ટકાના દરે વિકસતા સુખાકારી પ્રવાસનના બજારનું કદ US$919 બિલિયન સુધી પહોંચવાની ધારણા સેવવામાં આવી છે.

આ આકર્ષક આંકડાઓને જોતાં જગતના તમામ દેશો વધુને વધુ પ્રવાસીઓને આકર્ષવાના હેતુથી સુખાકારી પ્રવાસન ઉત્પાદનો બનાવી રહ્યા છે. જેમાંભારત સમગ્ર વિશ્વમાં સુખાકારી પ્રવાસન હેઠળ સમાવિષ્ટ પ્રવૃતિઓ સબંધિત બજારના અગ્રણી તરીકે ઉભરી રહયું છે. કારણકે જાણીતી હકીકત મુજબ સમગ્ર વિશ્વમાં ભારત ખૂબ વખાણાયેલી 'આયુર્વેદ' ની ભૂમિ છે. તાજેતરના વર્ષોમાં ભારતે યોગને સુખાકારીના સ્વરૂપ તરીકે દર્શાવી વૈશ્વિક સ્તરે પ્રચલિત બનાવેલ છે.

જેનો ફાયદો ભારતના પ્રવાસન ઉધોગના વિવિધ ઉત્પાદનો પૈકીના સુખાકારી પ્રવાસન બજારને થઇ રહયો છે. જે આગામી દિવસોમાં ભારતમાં સુખાકારી પ્રવાસનના વિકાસની અઢળક સંભાવનાઓ ઉભી કરશે.

ભારતમાં યુગોયુગથી સુખાકારી સબંધિત ઉત્પાદનોની વિશાળ શ્રેણીઓ સાથે ભારતને સુખાકારી પર્યટનમાં સોનાની ખાણ તરીકે ઓળખવવામાં આવે છે. માટે ભારતે માત્ર તેને વૈશ્વિક બજાર સમક્ષ રજૂ કરી પ્રચાર – પ્રસાર કરવાનો રહે છે.

સુખાકારી પ્રવાસનની વ્યાખ્યા મુજબ આરોગ્ય અને સુખાકારી માટે આયોજિત પ્રવૃતિઓ માટે મુસાફરીને ટોચની પ્રાથમિકતા તરીકે દર્શાવે છે. પ્રાથમિક સુખાકારી પ્રવાસમાં સામેલ પ્રવૃતિઓમાં તંદુરસ્ત ખોરાક, સ્પા સારવાર, કસરત, આધ્યાત્મિક અને સર્જનાત્મક વિકાસ માટેની તકોનો સમાવેશ થાય છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત સરકારના પ્રવાસન મંત્રાલયે સુખાકારી પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે વિવિધ યોજનાઓ તૈયાર કરી પ્રાયોગિક સુખાકારી ઉત્પાદનો વિકસાવવામાં નોંધપાત્ર રોકાણના પ્રયાસોથી ભારત ટૂંક સમયમાં એક ઉચ્ચ મૂલ્યવાન સુખાકારી પ્રવાસન માટેનું મુખ્ય સ્થળ બનવાની પૂરતી સંભાવનાઓ ધરાવે છે.

❖ સંદર્ભ સાહિત્ય :

1) FINAL REPORT: COMPREHENSIVE RESEARCH REPORT – THE INDIAN WELLNESS ECONOMY – HOTELVIVATE – 04 November – 2020

2) Sanaya Jijina - The Wellness Tourism Industry - https://hotelivate.com/ - Oct 23 , 2018

3) Rajkumari Sharma Tankha - Rise of wellness tourism in India - https://www.newindianexpress.com/ - 27th January 2021

4) Tanisha Sharma - What 2022 looks like for the Wellness Tourism in India - https://www.indianholiday.com/blog/ - Jan 03, 2022

5) Wellness Tourism in India Perfect Blend of Tradition and Modernity - By Indiaretailing Bureau - https://www.indiaretailing.com/category/beauty-and-wellness/ - May 7, 2015

6) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક - સંસ્કૃત ધોરણ - 12 (પેજ નં 111 થી 113)